॥ હરિઃૐ ॥

પૂજ્ય શ્રીમોટા વિરચિત

# શ્રી ગંગાચરણે

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ **પ્રકાશક :**
**ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ,જહાંગીરપુરા,
રાંદેર, સુરત - ૩૯૫ ००૫
ફોન : (०२६१) २७६५५६४

© **હરિઃૐ આશ્રમ, સુરત - નડિયાદ.**

❑

| **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|
| પ્રથમ | ૧૯૪૫ | ૧૦૦૦ |
| બીજી | ૨૦૦૩ | ૧૦૦૦ |

❑ **પૃષ્ઠ : ૧૬+૩૨ = ૪૮**

❑ **કિંમત : બે રૂપિયા**

❑ **પ્રાપ્તિસ્થાન :**
હરિઃૐ આશ્રમ, સુરત- ૩૯૫ ००૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭૦૦૧

❑ **મુદ્રણશુદ્ધિ : જયંતીભાઈ જાની**

❑ **ડિઝાઈનર : મયૂર જાની**

❑ **મુદ્રક : હરિઃૐ કૉમ્યુનિકેશન,**

બી-૮, રીપલ એપાર્ટમેન્ટ્સ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ -૩૮૦ ००૭
ફોન : (०७૯) ६६१२७२८

# સમર્પણાંજલિ

અથાગ પરિશ્રમ દ્વારા વ્યાપારીક્ષેત્રે પ્રગતિ કરી, કેળવણીક્ષેત્રે સહાયક બની, સંતસમાગમ અને હિમાલયયાત્રા દ્વારા જેઓએ પોતાનું અને સંયુક્ત કુટુંબનું જીવન ઉજાળેલું, એવાં અમારાં માતાપિતા

**સ્વ. ઉમિયાબહેન ભૂખણદાસ ઘીવાળા**

અને

**સ્વ. ભૂખણદાસ ગિરધરલાલ ઘીવાળાના**

ચરણે કોટિ પ્રણામ કરી, પૂજ્ય શ્રીમોટા રચિત 'શ્રી ગંગાચરણે' ના પુનઃપ્રકાશનમાં નિમિત્ત બની અમે ધન્યતા અનુભવીએ છીએ. સાથોસાથ એ સદ્‌ગત માતાપિતાના ઉચ્ચ સંસ્કારોના વારસાને દીપાવી અમારું જીવન મંગલમય-કલ્યાણકારી બની રહો એવી શ્રીહરિચરણે પ્રાર્થના કરીએ છીએ.

**શ્રી શ્રીવાસભાઈ ભૂખણદાસ ઘીવાળા**
**શ્રીમતી વિમળાબહેન શ્રીવાસભાઈ ઘીવાળા**
**અને પરિવાર**

૧૪, નવચેતન સોસાયટી, વિભાગ-૨,
આંગન એપાર્ટમેન્ટની સામે, મજૂરાગેટ, રિંગ રોડ,
સુરત-૩૯૫૦૦૧, ફોન : (૦૨૬૧) ૨૬૬૭૩૧૦
તા. ૧૪-૯-૨૦૦૩
(ભાદરવા વદ ચોથ-પૂજ્ય શ્રીમોટાનો જન્મદિન)

# નિવેદન

(બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા રચિત 'શ્રી ગંગાચરણે'નું પ્રથમ પ્રકાશન શ્રીરામકૃષ્ણ સેવા સમિતિ, અમદાવાદ દ્વારા સને ૧૯૪૫માં કરાયું હતું. તે સમયે પૂજ્ય શ્રીમોટા પોતે લેખક તરીકે અજ્ઞાત રહેવા માગતા હતા.

આ પુસ્તિકાની બીજી આવૃત્તિનું પ્રકાશન કરતાં આનંદની લાગણી અનુભવીએ છીએ.

આ પ્રકાશન માટે શ્રી શ્રીવાસભાઈ ભૂખણદાસ ઘીવાળા પરિવાર તરફથી અમોને આર્થિક સહયોગ પ્રાપ્ત થયો છે. તેમના આવા સત્કાર્ય બદલ અમો તેમના ખૂબ ખૂબ આભારી છીએ.

આ પુસ્તિકાની મુદ્રણશુદ્ધિની સદ્ભાવભરી સેવા આપવા બદલ શ્રી જયંતીભાઈ જાનીના અમો ખૂબ આભારી છીએ.

આ પુનર્મુદ્રણને અધ્યાત્મરસિક ગુજરાતી પ્રજા આવકારશે એવી શ્રદ્ધા છે.

**ટ્રસ્ટીમંડળ,**
**હરિ:ૐ આશ્રમ, સુરત**

તા. ૧૪-૯-૨૦૦૩
(ભાદરવા વદ ચોથ-પૂજ્ય શ્રીમોટાનો જન્મદિન)

# બે બોલ
(પ્રથમ આવૃત્તિમાંથી)

આ પુસ્તિકામાં મહત્ત્વે કરીને જે છંદ છે, તેમાં પહેલા ભાગના છ અક્ષરો શિખરિણી છંદના છે અને બાકીના મંદાક્રાંતા છંદના છે. એમ, બે છંદનો મેળ મેળવીને કોઈ નવો છંદ બનેલો છે, તેથી એનું નામ શિખરિણી-મંદાક્રાંતા વાચકે ગણવાનું છે. લખનાર (શ્રીમોટા) એ વિષયના બિલકુલ તજ્જ્ઞ નથી, તેથી ભૂલ હોવા પણ સંભવ હોઈ શકે.

અંતમાં શ્રીરામકૃષ્ણ સેવા સમિતિ, અમદાવાદની સંસ્થાએ 'શ્રી ગંગાચરણે' છાપવાનું સ્વીકારી મને ઉપકૃત કર્યો છે, તે બદલ આભાર માની વિરમું છું.

પૂજ્ય પ્રાધ્યાપક શ્રી અનંતરાય રાવળે આની પ્રસ્તાવના લખી આપીને અમને બધાં સ્વજનોને ઉપકૃત કર્યાં છે, એવું કહું તો તે હૃદયની ભાવનાને વ્યક્ત થવા પૂરતું યોગ્ય ન ગણાય. એમણે અમને બધાંને ઋણી બનાવ્યાં છે. સાચી રીતે તો એમના હૃદયનો સદ્ભાવ જ આનું પ્રેરકબળ છે.

**નંદલાલ ભોગીલાલ શાહ**

તા.૯-૭-૧૯૪૫

# પ્રસ્તાવના

(પ્રથમ આવૃત્તિમાંથી)

અત્યાર અગાઉ પ્રગટ થયેલાં 'મનને', 'જીવનપગલે' અને 'હૃદયપોકાર' એ ત્રણ લઘુ પુસ્તકોના સાધુચરિત લેખકની આ કૃતિ એમની તાજેતરની હિમાલયયાત્રાની પ્રસાદી છે. હિમાલય ઉપર એમણે કરેલું ગંગોત્રીદર્શન આ કાવ્યનું નિમિત્ત કે પ્રેરકબળ બન્યું છે. ભગવતી ભાગીરથીનું આ મહિમ્નસ્તોત્ર છે.

ગંગામૈયાનાં પુણ્યદર્શને કવિને ઊપજતી પ્રસન્નતા અને કૃતાર્થતાના ઉદ્‌ગારથી સ્તોત્ર શરૂ થાય છે અને પછી અંત લગી એના ઉદ્‌ગાતાના ભક્તિભાવનું એ વાહન બને છે. 'મનને'માં સાધકનું આંતર મંથન અને 'જીવનપગલે'માં કવિની જ્ઞાનદૃષ્ટિ વ્યક્ત થયેલ છે. તો આ 'શ્રી ગંગાચરણે' તેમના 'હૃદયપોકાર'ની માફક ભક્તિના ભાવનું કાવ્ય છે. જોકે એ પાછલાં બે કાવ્યો વચ્ચે એક સૂક્ષ્મ ભેદ રહેલો છે. 'હૃદયપોકાર'માં ભક્ત સાધકની વ્યાકુળ પ્રાર્થના કે આર્તપુકાર છે, જ્યારે 'શ્રી ગંગાચરણે'માં એને જે જોઈતું હતું તે મળી ગયા પછીની મનોભૂમિકાનું દર્શન થાય છે. આ દૃષ્ટિથી જોવું હોય તો કહેવાય કે 'મનને' અને 'હૃદયપોકાર' એના કર્તાની આગલી દશાની અને 'જીવનપગલે' તથા 'શ્રી ગંગાચરણે' એમની કંઈક કૃતાર્થ કે વધુ જાણકાર દશાની કૃતિઓ તરીકે એકબીજાથી જુદી પડી જાય છે.

પણ 'શ્રી ગંગાચરણે'ને ભક્તિકાવ્ય કે સ્તોત્ર કહ્યું, એનો અર્થ એ નથી કે એમાં એના કર્તાની જ્ઞાનદૃષ્ટિ નિષ્ક્રિય રહી છે. કર્તાને મન ઈશ્વરસાક્ષાત્કાર માટે જ્ઞાન અને ભક્તિ એ બે સાધનોના નોખા ચોકા અર્થ વગરના છે. એ તો બંનેના સુયોગના હિમાયતી છે.

**'ભીનું રાખે જેઓ મન હૃદયને જ્ઞાન-ભક્તિથી તુંમાં,**
**બતાવે છે એને તુજ સ્વરૂપની આપ પ્રત્યક્ષ લીલા.'** (પૃ.૧૭)

હા, એટલું ખરું કે એકલા કોરા જ્ઞાનના કરતાં ભક્તિના એ વધુ પક્ષપાતી છે. એથી જ :-

**'ન રંગાયે બુદ્ધિ જહીં સુધી ખરી ભક્તિના રંગથી તે,**
**ન માને આવે તે મદદ ખપમાં પૂરી પિછાનવાને;**
**કર્યે કોરી બુદ્ધિ થકી જનનીની ખાલી વાતો, ન પામે,**
**રહ્યો ખાંડાધારે પથ, મરજીવા શૂર જે ભક્ત પામે.'** (પૃ. ૨૩)

એમ તેઓ કહે છે, પણ આ કાવ્યમાં તો એમની જ્ઞાનદષ્ટિએ સારો ફાળો આપ્યો છે. નરસિંહરાવે જેમ **'ઈશ્વરકરુણા ખરે, વહી આ નદીસ્વરૂપે'** કહી પાટણને પાદર વહેતી કુમારી સરસ્વતીને મૂર્તિમંત ઈશકૃપા તરીકે જોઈ અને વર્ણવી, તેમ આપણા કવિએ ગંગાને **'સ્થૂળ જળ તણો માત્ર ખાલી પ્રવાહ,'** (પૃ.૫) તરીકે જોઈ નથી, પણ

**'હજારો ને લાખો રૂપ અવનવાં માડી ! તારાં બધે છે,**
**બધાંનામાં મા ! જે સજીવન ભર્યું પ્રાણ ચૈતન્ય તું તે;'** (પૃ. ૫)

એમ સંબોધી અને **'રહેલી મા ગૂઢ સકળ સ્થળમાં સૂક્ષ્મ કેવી અગમ્ય !'** (પૃ. ૨૧) એમ કહી સ્તવી છે. કાવ્યમાંની મા કે જનની તે ગંગા એ તો સ્થૂળ અને પ્રાસંગિક વાચ્યાર્થમાં જ, બાકી તો તે છે સચરાચર વિલસતી વિશ્વની તંત્રસંચાલિકા પરમ દિવ્ય મહાશક્તિ વિશ્વજનની. કવિની જ્ઞાનદષ્ટિએ જ ગંગામાં એમને વિશ્વજનની 'મહામાયા' (પૃ.૬-૭) નાં દર્શન કરાવ્યાં છે અને પરિણામે ગંગાને સ્તવતાં જગન્માતાનું જ સ્તવન એમની પાસે ગવડાવ્યું છે. વાચકોએ કર્તાની નજરે એમના કાવ્યને વાંચવું જોઈશે.

તો જ કર્તાનો અભિપ્રેત મર્મ ગ્રહી શકશે.

આખા કાવ્યમાં કવિએ એ વિશ્વજનનીનો અને તેના શરણનો મહિમા જ ગાયો છે. માના વિના એકે અણુ પણ ખાલી નથી. એની ગતિ અકળ છે. એની શક્તિથી જ જગત અને માનવીના વ્યવહાર ચાલે છે.

**'હૃદે આકર્ષાયા વગર ન રહ્યું તું થકી માડી ! કોઈ,**
**નચાવે તું સૌને ખબર પણ રે' કોઈને કૈં ન એની;**
**ઈશારે સૌ ચાલે તુજ નયનના માનવી યંત્ર જેમ,**
**મહામાયા એવી મુજ જનનીને કોટિ કોટિ પ્રણામ.'** (પૃ. ૭)

અને એ કેવી દયાળુ છે !

**'પહોળા મા હાથો કરી કરી ચહે બાળને ચાંપી લેવા,**
**જુઓ ! માડી કેવી તલપ તલસે બાળ કાજે હૃદેમાં;'** (પૃ.૧૧)

**'જવાનું મા પાસે ઢીંચણ ઘસડી જે કરે પ્રેમભાવે,**
**લઈ એને ચાંપી હૃદય સરસો માડી ભક્તિથી રંગે.'** (પૃ.૧૨)

સંસારના ત્રિવિધ તાપમાં અને ગમે તેવી મુશ્કેલીમાં ઘેરાયેલો હોય છતાં માનવી જો એને સાદ કરે તો તરત જ તેની વહારે ધાય એવી કૃપામયી છે, પણ મા કસોટીય ઘણી કરે એવી છે. બાળક ભૂલ કરે તો એને શિક્ષા કરવા જેટલી નિષ્ઠુર પણ બને છે. એની પાસે તપશ્ચર્યા વિના પહોંચાય એવું નથી. આધ્યાત્મિક સાધનાનું કપરાપણું તો એક શિખર મહામહેનતે ચડ્યા ત્યાં એની પછી આપણી હિંમતને પડકારતું વધુ ઊંચું શિખર આવે એવું છે (પૃ.૧૫,૧૬). છતાં માડીની કૃપા યાચી હોય અને તે મળી હોય

તો બધું પાર ઊતરે છે. સ્થૂળ તેમ સૂક્ષ્મ આધ્યાત્મિક ચઢાણના અર્થમાં લૂલાંને અને ભૂલેલાંને ગિરિશિખરે ચઢાવનારી તે દયામયી છે, પણ **' વિના ચાહ્યા કોને જનની ન મળે, મૂલ્ય આપ્યા વિના તે. '**(પૃ. ૨૪) એ મૂલ્ય તે **'મન, મતિ, અહં, ચિત્ત અને પ્રાણ' મા**થી રંગાયેલાં રાખી, એની શક્તિ વિના પોતે તણખલુંય હલાવવા શક્ત નથી એમ જાણી, પોતાનું અહં વીસરી, અનન્યભાવે **મા**ને શરણે જવું તે.

**'હશે જેમાં મારું હિત જરૂર તે આપ મેળે જ દેશે,**
**ભરોસાથી સૂતો તુજ પર, હું તો સ્હોડ તાણી જ હૈયે.'** (પૃ.૨૨)

એ ભાવથી **મા**નું શરણ ગ્રહનારને પછી **મા** કામધેનુ જ બને છે.(પૃ.૨૧)

**'જગે જેને માથે નિજ જનનીના પ્રેમનું છત્રછાંય,**
**બધી વાતે એના જહીં તહીં બધે સર્વ પોબાર થાય;'** (પૃ.૧૨)

**'અહં મૂકી પૂરું શરણ તુજમાં જે રહે પ્રેમભાવે,**
**બતાવે છે લીલા તુજ રમતની એહને મુક્તરંગે.'** (પૃ.૧૩)

એના પ્રેયશ્રેયની બધી ફિકર પછી **મા** જ કરે છે. કવિને આ વાતની એટલી તો સ્વાનુભૂત ખાતરી છે કે આટલું ન સમજનાર સંસારી જનો પ્રત્યે કકળી ઊઠી,

**'અરે ! દુ:ખી લોકો, દુ:ખ મહીં સડી કાં રહ્યા છો નકામા ?**
**ઊભી છે પ્રત્યક્ષે જનની સમીપે, સાદ એને ન દો કાં ?**
**પડેલાં દુ:ખોમાં જનની સ્તવશે, રે' ટકી તે જ ઊભો,**
**છતાં માને કોઈ સ્મરણ ન કરે, મા બિચારી કરે શું ?'**(પૃ. ૮)

આમ, તેમને સંભળાવે છે. સંસારીઓએ તો કરવાનું છે આટલું જ : જીવનમાં મળી હોય તે પરિસ્થિતિમાં પ્રાપ્ત કર્તવ્યને

**'મળેલું એ ક્ષેત્ર નિજ જનનીની ભક્તિ કેરું'** ગણી (પૃ.૯ પહેલા બે શ્લોક, પૃ.૧૮ છેલ્લા બે શ્લોક), મન અને હૃદયની ભૂમિકા શુદ્ધ કરી (પૃ.૨૦, ચોથો શ્લોક), **મા** પાસે જ ઊભી છે. માની એનામાં શ્રદ્ધા અને ભક્તિ વધારવાં. કવિએ આ બધું બહુ ઉત્સાહપૂર્વક અને આત્મપ્રતીતિના રણકાર સાથે કહ્યું છે.

કાવ્યમાં આત્મલક્ષી ઉદ્‌ગાર ઘણા છે. એનું કારણ છે. કર્તા પોતે જે કંઈ ઉપર તારવ્યું તેવું કહે છે તેના પોતે અનુભવી છે. એમનું હૃદય ભક્તનું અને જ્ઞાનીનું છે. ગંગોત્રીનાં દર્શન વેળા અને પછી જે સંવેદન એમને થયું તેને વ્યક્ત કરવા અને ભગવતીનું કૃતજ્ઞભાવે ભાવાર્દ્ર સ્તવન ગાવા તો આ કાવ્યનો જન્મ છે. ગંગાદર્શને થતો આનંદ અને કૃતકૃત્યતાનો ભાવ, **મા**ની કૃપાવૃષ્ટિનો અનુભવ, પોતાનો શરણભાવ, **મા**ની કૃપાના ભાગી બનવાથી ઊપજતી ખુશાલી અને ખુમારી, **મા** જે અનુભવો કરાવે છે એનાં અનેક સૂચનો, કાવ્યમાં વારંવાર ગદ્‌ગદકંઠે થતું જણાતું **મા**ને સંબોધન અને તેની અમીદૃષ્ટિની થતી યાચના-આ બધામાં ભક્તકવિ પોતાના હૃદયને જ ઠાલવે છે. ઘડીક પોતાના હૃદયભાવોને આમ વ્યક્ત કરે, ઘડીક સ્વસ્થ ચિત્તે માતૃમહિમા અને શરણમહિમા ગાય, ઘડીક સંસારી જનોને ઉપદેશ આપવા મંડે, ઘડીક **મા**ડીને સંબોધવા મંડે, એવું કવિએ આ કાવ્યમાં કર્યું છે. વળી, પોતે કેવા તો અધમ કે જડ કે પામર હતા અને સ્તુતિવિષય દેવે પોતા ઉપર કેવી કૃપા કરી એ દર્શાવતા ઉદ્‌ગારો જે ભક્તિસ્તોત્રોમાં સ્વાભાવિક હોય છે, તેવા આ કાવ્યમાંય અવારનવાર વચમાં તેમ અંતના શ્લોકોમાંય છે. ભક્તિસ્તોત્રની આપણે ત્યાંની પ્રણાલિકા આ રીતે આ કાવ્યે પૂરી પાળી ગણાય. એક બીજી રીતે જોઈએ તો, કાવ્યમાં આવતી શરણભાવની

સૈદ્ધાંતિક વાતનું યથાયોગ્ય મૂર્ત દૃષ્ટાંત કે ઉદાહરણ બની જાય છે, તેના લેખકનો જ તેમાં વ્યક્ત થતો શરણભાવ અને આમ, કવિ પોતે જે કંઈ લખે છે તેના અનુભવી છે, તેથી એમણે લખેલી એકેએક પંક્તિ સાર્થ અને સાચી માનવાની છે, વાચ્યાર્થમાં તેમ જ તેના વ્યાપક સૂક્ષ્મ અર્થમાં. એમણે જ્યાં સંચાર કર્યો છે તે પ્રદેશમાં પગલાં જેનાં થયાં હશે તેઓને આ કહેવું પડે તેમ નથી. થતા સાધકોની શ્રદ્ધાને દૃઢાવે અને તેમનો પંથ અજવાળે એવી સૂચનસામગ્રી પણ આ કાવ્યમાં સારા પ્રમાણમાં છે.

પણ ‘શ્રી ગંગાચરણે’ના લખનારને હું ‘કવિ’ ‘કવિ’ કેમ કહ્યા કરતો હોઈશ ? એમણે પોતે કવિયશ પ્રાર્થ્યો નથી કે કવિ તરીકે પોતાને માન્યા કે ગણાવ્યા નથી. ‘જ્ઞાનીને કવિમાં ન ગણીશ’ એ અખાની પંક્તિ અહીં યાદ આવી જાય છે. પદ્ય કે કવિતા તો એમને મન સાધન છે. એમનું સાધ્ય તો છે અંદર નિરૂપાયેલ ભાવની વ્યક્તતા (expression) જ. એના ઉપર નજર રાખનારને માટે જીવનસંસ્કારક ઉન્નતિકર સામગ્રી અહીં ઓછી નથી. કાવ્યકલાની કે શુદ્ધ સાહિત્યની દૃષ્ટિએ આની આંકણી કરવાની જરૂર જ નથી. એમ છતાં શિખરિણી-મંદાક્રાંતાના મિશ્રણનો એમણે પોતાના ભાવકથનને માટે કરેલો પ્રયોગ નોંધપાત્ર ગણાય તેવો છે. છંદ કર્તાને અનાયાસસિદ્ધ છે અને તજ્જ્ઞ એ નથી એમ ભલે કહેવાયું, પદ્યરચના ઉપર એમનો કાબૂ ઘણો અને સારો છે. એમની આગલી કૃતિઓ પણ આના સમર્થનમાં ટાપશી પૂરશે. જપમાળાના ૧૦૮ મણકા અને મેર જેવા આ કાવ્યના ૧૦૯ શ્લોકોની પદ્યરચના સરળ અને પ્રવાહી છે અને તે સારા એવા પ્રમાણમાં. શબ્દો જરૂરી તેટલા જ અને સાદા તેમ જ વિશદાર્થ છે.

અને વાક્યાન્વય ક્યાંય સંકુલ કે ક્લિષ્ટ નથી.

અને આમ છે એટલે, ખરી રીતે તો આ કૃતિને એને માટે શંકાસ્પદ અધિકારવાળા બહારના માણસની પરિચાયક પ્રસ્તાવનાની જરૂર જ નથી-ન હતી, પણ એ બહાને એનું વાચનમનન જે કંઈ લાભ આપે એ ખાટી લેવાના લોભે આ લખી આપવાની મેં ધૃષ્ટતા કરી છે. બાકી તો, જે બર(જાત)નો માલ પાછળનાં પાનાંઓમાં છે એના ગ્રાહકોની ધર્મક્ષેત્ર ગણાતા આ દેશમાં તાણ હોય નહિ. તેમ વળી, શ્રીરામકૃષ્ણ સેવા સમિતિની જે કંઈ છે તે પ્રચારશક્તિ પણ

**'હશે જે સદ્‌ભાવી, મુજ જનનીની ભક્તિનું તત્ત્વ લ્હેશે.'** (પૃ. ૨૫)

એમ કર્તાએ જેમને માટે કહ્યું તેવાઓને બારણે એને પહોંચાડી દેશે. એટલે, મારે તો એટલું જ ઇચ્છું છું કે જે હેતુથી 'શ્રી ગંગાચરણે'ના શબ્દો નીકળ્યા કે તેમાં સ્તુતિવિષયભૂત જગજ્જનનીએ પ્રેર્યા છે એ સિદ્ધ થાઓ.

**અનંતરાય મ. રાવળ**

નિમિત્તે જેનાથી હિમગિરિ તણી લક્ષ્ય-યાત્રા થઈ ને,
નિમિત્તે જે વ્યક્ત થઈ પ્રભુ કૃપા આકરા સૌ પ્રસંગે;
નિમિત્તે જેનાથી ઋણ-વચનનું ફીટ્યું, તે પાદપદ્મે
-ધરું જેવી તેવી જનની તણી **આ** અંજલિ શ્રેષ્ઠ **બા**ને.

નવાજ્યો શો ભાવે જનની મુજ જાણે જગ મળી !
નવાડ્યો પ્રેમેથી તમ ભીની અમીની નજરથી,
વસેલો છાનો જે મુજ રસિક વ્હાલો તમ હૃદે
-કૃપા એણે કેવી મુજ પર કીધી, કેમ કથું તે ?

સદા વ્હાલા રે'જો મુજ મન હૃદે પ્રાર્થના એટલી છે,
તમારાથી ભીનું મુજ મન થજો પ્રેમભાવે વિશેષે;
તમારા હૈયાના પ્રણય-રસના પ્રેમ-સિન્ધુ પ્રભુ જે
-કૃપા મારા જેવા પર છલકતી નિત્ય વર્ષાવજો તે.

કશું બોલ્યા સામું નવ નીરખશો, પાજી પૂરો હું તો છું,
તમારામાં મારું મન શમવજો, જાણી પોતાનુ છોરું;
શિશુને તો બોલ્યા કરવું ગમતું, વાત પોતાની હાંકે,
બડાશો છોને હો પણ જનનીને ઉર તે વ્હાલું લાગે.

સદા એવો માગું તમ હૃદયનો પ્રેમનો ભાવ ભીનો,
ભિખારી હું તો છું, પ્રણય-રસની ભીખ માગ્યાં કરું છું;
તમોને સંભારી તમ સ્મરણને તે પ્રભુપાદપદ્મે
-સમર્પું છું ભાવે, સ્મરી સ્મરી હૃદે ભક્તિભાવે પ્રભુને.

તા. ૬-૪-૧૯૪૫

જેણે ગમાર સરખા મુજને નવાજ્યો,
જેણે કૃપા-કર દઈ જગમાં બઢાવ્યો;
એવા તણા ચરણની ધૂળનીય ધૂળ,
જો હું બની શકું તદા મુજ જીવ્યું ધન્ય.

તા. ૨૩-૫-૧૯૪૫

કંઈ શા રોગોથી મુજ તન પીડાકારી જ હતું,
પ્રતાપે જેનાથી પણ, શિખર ભારે ચઢી શકાયું;
કૃપાથી જેની સૌ મન સહી શક્યું કષ્ટ તનનું,
લળી તેને યાચું શરણ પદમાં રાખ લીન તું.

# ❦ શ્રી ગંગાચરણે ❦

મળી ગંગા માતા પછીથી પરવા શી રહે રાંકને આ ?
મળ્યા કેડે માતા કંઈ જ પરવા શી રહે ભૂખની ત્યાં ?
શિરે માતા કેરા કર-કમળની હૂંફ જ્યાં સ્નિગ્ધ હોય,
હશે ત્રિલોકે કો મુજ સમ બીજો ભાગ્યશાળી શું ક્યાંય !

ઉપાધિ ચિંતાઓ અડચણ વળી વિઘ્ન મુશ્કેલીઓ જે
-મળંતાં માને તે હરખ ઊઠતાં ક્યાંય ભાગી ગયાં છે;
ખુશાલી વ્યાપી શી મુજ પર અમીદૃષ્ટિ તારી પડી જ્યાં !
મળ્યાનો આનંદ નિજ જનનીને, વર્ણવી તે શકું શું ?

સદા કેવી માતા સતત વહેતી શુદ્ધ ને બુદ્ધ, મુક્ત !
શકે બાંધી રાખી પછીથી મુજને વિશ્વમાં બીજું કોણ ?
ત્રિલોકે કો બીજું મુજ જનનીની જેવું ના શક્તિશાળી,
પડ્યો માને ખોળે, પછીથી ક્યમ રે'માથી મારી જુદાઈ ?

# ❦ શ્રી ગંગાચરણે ❦

મળી ગંગા માતા પછીથી પરવા શી રહે રાંકને આ ?
મળ્યા કેડે માતા કંઈ જ પરવા શી રહે ભૂખની ત્યાં ?
શિરે માતા કેરા કર-કમળની હૂંફ જ્યાં સ્નિગ્ધ હોય,
હશે ત્રિલોકે કો મુજ સમ બીજો ભાગ્યશાળી શું ક્યાંય !

ઉપાધિ ચિંતાઓ અડચણ વળી વિઘ્ન મુશ્કેલીઓ જે
-મળંતાં માને તે હરખ ઊઠતાં ક્યાંય ભાગી ગયાં છે;
ખુશાલી વ્યાપી શી મુજ પર અમીદૃષ્ટિ તારી પડી જ્યાં !
મળ્યાનો આનંદ નિજ જનનીને, વર્ણવી તે શકું શું ?

સદા કેવી માતા સતત વહેતી શુદ્ધ ને બુદ્ધ, મુક્ત !
શકે બાંધી રાખી પછીથી મુજને વિશ્વમાં બીજું કોણ ?
ત્રિલોકે કો બીજું મુજ જનનીની જેવું ના શક્તિશાળી,
પડ્યો માને ખોળે, પછીથી ક્યમ રે'માથી મારી જુદાઈ ?

મળી માડી તેથી બધું મળી ગયું, કાંઈ બાકી રહ્યું ના,
મને થાતાં કાંઈ મુજ સકળ લે કેવી સંભાળ માતા !
મને મારી માના સમ હૃદય દે કોઈ ના બીજું શાતા,
સદા એવી માતા ! તુજ શરણમાં રાખજે પાપીને આ.

હૃદે શી સંભાળે પળપળ મને માડી મારી કૃપાળુ !
સદા મા સંભારે પળપળ હૃદે ભૂલતાં ચૂકતાં શું,
મને મારી માડી જરી નવ કશે આડફંટે જવા દે,
મને મારી માડી સતત નિજની દૃષ્ટિમાં રાખતી રે'.

બીજું હૂંફાળું કો સ્થળ જગ નથી મા તણા અંક જેવું,
ત્રિલોકે મા જેવું સ્થળ નવ મળે કોઈએ પ્રેમવાળું;
ગમે તેવી છોને ભૂલચૂક બને તોય તે માફી મા દે,
ક્ષમા દેનારું કો જનની સમ ના, માત્ર એવી જ મા છે.

જવા જેણે જેણે નિજ મન કર્યું માડીની પાસ પ્રેમે,
વિના માડી તેણે મન-ચિત્ત-હૃદે સ્વાદ ના કૈં ધર્યો છે;
સમર્પ્યું છે જેણે જીવન સઘળું માડીને કાજ ભાવે,
નિવાજ્યા વિના તે જનની ન રહે એહને કોઈ કાળે.

તને વારી વારી જઈ જઈ કરું વ્હાલ હૈયાથી ઊંડું,
રીઝે કે જેથી મા મુજ પર સદા હેત વર્ષાવીને તું;
તને ન્હાતાં ન્હાતાં યદિ વીતી જશે લાખ જન્મો ભલે છો,
છતાં ના'વે તોલે તુજ અમૃત શા પ્રેમની આગળે તે.

મને મારી માના પદ વગરનું કાંઈ ના ભાવતું તે,
મને મારી માના પદ વગર તે સર્વ કૈં તુચ્છ લાગે;
મને મારી માના ચરણકમળે સર્વ તીર્થો મળ્યાં છે,
મને મારી માના ચરણકમળે સર્વ કાંઈ મળ્યું છે.

મને મારી માનો મુજ શિર પરે હાથ રે' ફેરવાતો,
પછીથી ત્રિલોકે કંઈ શું મુજને બાકી રે' માગવાનું ?
રહેશે જો માડી મુજ પર સદા સર્વ ભાવે પ્રસન્ન,
પછી મારો વાંકો કરી નહિ શકે કોઈ કો રીત વાળ.

હું તો આવ્યો આવ્યો રખડી ભટકી લોથ કેવો થઈને,
મને મારું નો'તું જરી પણ રહ્યું ભાન પૂરું કશુંયે;
રડી આળોટ્યાં મેં બહુ બહુ કર્યું આર્ત ને આર્દ્રભાવે,
કૃપા ત્યારે માએ મુજ પર કીધી, ધન્ય હો મારી માને.

હવાં ગાયાં હું તો મુજ જનનીનાં ગાન ભાવે કરું છું,
ગુણો એનાં ગાતો જ્યમ જ્યમ થયો તેમ જુદી દીસે તું;
તને જેવી આજે હૃદ નીરખતો તેવી ને તેવી તું મા !
-પળે બીજી પાછી નૂતન નવલી શી જણાયાં કરે હા !

હજારો ને લાખો રૂપ અવનવાં માડી ! તારાં બધે છે,
બધાંનામાં મા ! જે સજીવન ભર્યું પ્રાણ ચૈતન્ય તું તે;
બધાંમાંની શક્તિ સકળ, ચરણે માત્ર બિંદુ સમી તે,
મહાશક્તિ એવી અમ જનની તે રીઝજો પ્રેમભાવે.

'અમારા બોલ્યાથી મન થઈ જશે મા ! તું રાજી વિશેષે,'
કને તારી એવાં કંઈ જ પણ મા ! માપ છે ના કશાંયે;
અમારા હૈયાનો સુદૃઢ કરવા પ્રેમનો ભક્તિ-ભાવ,
અમે ગાંડુંઘેલું સતત લવવું રાખીએ તે જ અર્થ.

તને લોકો જાણે સ્થૂળ જળ તણો માત્ર ખાલી પ્રવાહ,
બિચારા અજ્ઞાની તુજ સમજતા તે ન કાંઈ મહત્ત્વ;
વિના માના એક્કે અણુ પણ નથી ખાલી તે કોરું ક્યાંયે,
બધું સત્તાધીશ મુજ જનનીના શા પ્રતાપે ભર્યું છે !

ગતિ તારી કોઈ પરખી ન શક્યું, માપી કોઈ શક્યું ના,
તને હૈયે જોવા, નિજ બનવવા, વિરલા કોક ફાવ્યા;
મહા મોંઘામૂલું તુજ રસતણું કેન્દ્રબિંદુ પમાવું,
મહામાયા માડી ! શરણ મુજને રાખજો, પાપી હું છું.

સદા ઢંકાયેલું તુજ મૂળ રહે, ક્યાંથી તું નીકળે છે
-પૂરેપૂરું કોઈ મથન કરતાં, શોધતાં હાર પામે;
છતાં તારામાં મા ! સકલ જનની દૃષ્ટિ ખેંચાતી રે' છે,
તને જોતાં કેવું મન પીગળતું પ્રેમના મુગ્ધ ભાવે !

તને જોઈ રે'તાં ટગર નયને ભાવ એકાગ્ર જામે,
ગળી જાયે કેવું મન સકળ ત્યાં તું મહીં એક તાલે !
ભર્યું શું તુંમાં કે નયન ઢળતાં જામી જાતાં દીસે તે,
રહે ચોંટી કેવાં પલક ફરકે ના જરા અન્યભાવે.

સમાઈ રે'વાને, રસ તુજ નર્યો પામવાને અનેરો
-અનેકે આપ્યાં છે, નિજ શિર પદે હર્ષઘેલાં થઈને;
મરીને તે જીવ્યાં, રળી જીવનનો પ્રેમ આનંદ લૂંટ્યો,
ગુણો ગાતાં એવી મુજ જનનીના, પ્રાર્થના ભાવ ખૂટ્યો.

તને છાનું છાનું હૃદ નીરખવું વ્હાલું વ્હાલું ગમે છે,
લપાવા તારામાં હૃદ ઊછળતું, નાચતું તે તરંગે;
છુપાયેલું તારું જીવન સ્થૂળમાં શોધી તે કાઢવાને
-મહાત્માઓ કૈંક પણ ગળી ગયા પામતાં પામતાં તે.

હૃદે આકર્ષાયા વગર ન રહ્યું તું થકી માડી ! કોઈ,
નચાવે તું સૌને ખબર પણ રે' કોઈને કૈં ન એની;
ઈશારે સૌ ચાલે તુજ નયનના માનવી યંત્ર જેમ,
મહામાયા એવી મુજ જનનીને કોટિ કોટિ પ્રણામ.

કઈ રીતે ગાઈ શકું તુજ મહા શક્તિ-સૌંદર્ય ગાથા ?
વિના અંજાયા કો રહી નવ શક્યું તું-પ્રભાવેથી માતા;
કૃપાથી તે તારો પણ હૃદ જરા જો રસાસ્વાદ ચાખ્યો,
વિના મૂઆ તેનો કદીય પણ તે છૂટકો ના થવાનો.

કદી જો ખેંચાયું તુજ પદ વિષે ચિત્ત જેનું લગાર,
કશાંમાંયે તેનું મન નહિ ઠરે, છો પ્રલોભે તણાય;
વિના ચાખ્યા એ તો અમૃતરસનો સ્વાદ જંપે ન કેમે,
અહા શા લોભાવી જનની ! અમને તું મહીં ઝંપલાવે !

બધાં જે લોભાતાં કંઈ કંઈ થકી છો ગમે તે ભલે હો,
છતાં કિંતુ તેમાં તુજ સ્વરૂપની ગૂઢ શક્તિ વસે સૌ;
કશાંનુંયે માના વગર નવ છે ક્યાંય અસ્તિત્વ સ્હેજે,
અમો શું જાણીએ કઈ કઈ રીતે તું અમોને જ ખેંચે.

તણાતાં દેખાયે જગ જન બધાં કોઈ ને કોઈ લોભે,
મને તેમાં માના પ્રણયરસની શી કળા ગૂઢ લાગે !
શમાઈ છે મારી જનની સહુમાં કોઈ ને કોઈ રૂપે,
હું તો તેથી જ્યાં ત્યાં ફરી શકું બધે માની સંગાથ પ્રેમે.

ગ્રહેલો કિંતુ જે કર નવ કદી માડી તે મૂકી દેશે,
કસોટી લે છો મા ડગ ડગ પથે, છો ભુલાવે પડાવે;
પડે છે જે કોઈ મુજ જનનીને પાલવે એકવાર,
ન એવાને શક્તિ કંઈ પણ કશી રોકવા શક્તિમાન.

અરે ! દુઃખી લોકો, દુઃખ મહીં સડી કાં રહ્યા છો નકામા ?
ઊભી છે પ્રત્યક્ષે જનની સમીપે, સાદ એને ન દો કાં ?
પડેલાં દુઃખોમાં જનની સ્તવશે, રે' ટકી તે જ ઊભો,
છતાં માને કોઈ સ્મરણ ન કરે, મા બિચારી કરે શું ?

સ્મરે છે માડીને નિજ જીવનનાં ધર્મ કર્તવ્યમાં જે,
સ્વીકારે જે માને મળી પરિસ્થિતિ માંહી સૌ યોગ્ય ભાવે;
મળેલું એ ક્ષેત્ર નિજ જનનીનું ભક્તિ કેરું ગણે જે,
કરે શો એવાને હૃદય સરસો ચાંપીને પ્રેમ મા તે.

મળેલાં કર્તવ્યે મન હૃદયનો પ્રેમનો ભાવ પૂરો
-ફળાવા ભક્તિને સમજી સમજી જે ઉતાર્યાં કરે સૌ;
છતી તેનામાં તો મુજ જનની તે થાય પ્રત્યક્ષ ભાવે,
જગે મારી મા તો હસતી રમતી સર્વમાં ગૂઢ ખેલે.

જગે આપી આપી જગતજન શું આપી શકશે ?
અહંતા દેવામાં વળી શી મમતા તે મન ધરે !
હસે છે મા ત્યારે અબુધ જનનાં તે મન પરે,
દીધેલું માનું સૌ પણ ત્યમ છતાં તે નિજ ગણે.

મળેલું મા કાજે સમજી સમજી પ્રેમથી વાપરે જે,
મળેલું એવાનું કંઈ પણ કશું ના નકામું જતું તે;
કરે જે જે તે તે નિજ જનનીના પ્રેમના ભાવ અર્થે,
સમર્પી તે માને નિજ મન સદા સાવ ખાલી રહે છે.

મૂકી માને ખોળે નિજ શિર થવું સાવ નિશ્ચિંત હૈયે,
નથી એના જેવો કંઈ પણ બીજો પ્રેમ લ્હાવો કશોયે;
કને તારી આવ્યો તુજ હૃદયનું પ્રેમનું દૂધ પીવા,
વિસારીને મારા અવગુણ ગુણો, છાતીએ ચાંપી લે મા !

લપાઈને સૂવું જનની પડખે મીઠું તે કેવું લાગે !
નથી માડી જેને સમજી ન શકે સુખ તે કોઈ રીતે;
અમર્યાદાવાળી મુજ જનનીની પ્રેમ-વિસ્તાર પાંખ,
જહીં હું હોઉં ત્યાં પ્રસરતી રહે આંખ એની અમાપ.

હૃદે માની સાથે રમત રમતાં, ટે'લટપ્પાં કરંતાં
અને વાતો કે'તાં જનની ચરણે લ્હેર આનંદ શો ત્યાં !
ખુમારી શી ત્યારે મન દિલ ચઢે, આપ હો બાદશાહ !
-અરે ! એનાથીયે અધિક અતુલા કોઈ સમ્રાટ કોણ !

બિચારી વાણી ત્યાં કથી કથી શકે માડીનું શું મહત્ત્વ ?
મને તો મા કાજે કહી નવ શકું એટલું છે મમત્વ;
બિચારો શાને છે જનની તુજ જ્યાં જીવતી શિર ગાજે ?
પિછાની લેવાતાં જનની હૃદયે, સૌથી મોટો જ તું છે.

અપાપી પાપીનો તુજ શરણમાં ક્યાંય મા ! ભેદ ના છે,
પછી મૂર્ખા લોકો તુજ શરણું મા ! કેમ લેતા નથી તે ?
ગ્રહે જેનો હાથ રહમ કરીને જ્યાં તું મા ! એકવાર,
કરાવી દે તેનો ભવ વમળથી માડી ! બેડો તું પાર.

પડેલા હો મૃત્યુ મુખ મહીં ભલે, કોઈ આરો ન ક્યાંયે,
છતાં ત્યારે માને મન હૃદયથી સાદ દેતાં ઉગારે;
ઊભી મા જેવી મા સતત પડખે સ્હાય રે'વા તમારે,
ન પાડો કાં બૂમ શરણ જઈને માડીને આર્ત થૈને ?

પહોળા મા હાથો કરી કરી ચહે બાળને ચાંપી લેવા,
જુઓ ! માડી કેવી તલપ તલસે બાળ કાજે હૃદેમાં;
ઊઠો, જાગો, લોકો નિજ જનનીને પ્રેમભાવે પુકારો,
ભૂલી સૌ જંજાળ લપછપ, હૃદે માડીનું લક્ષ્ય ધારો.

બધા તૂટ્યા ફૂટ્યા તમ સઢ ભલે, વાય વા છો પ્રચંડ,
અને ઝોલાં ખાતી દીસતી યદિ હો બૂડતી નાવ સાવ;
બચાવી લે એવું કહીંય પણ હો, એક મા ત્યાં સમર્થ,
લીધો જેણે માનો નિજ જીવનમાં આશરો તે કૃતાર્થ.

કશે માડી કેરા હૃદય સરસા પ્રેમની ભાવ તોલ
-ત્રિલોકે કોઈની કદીય પણ તે ના શકે આવી હોડ;
શકે ચાહી જેવું જનની તમને, તેવું ચાહવા હૃદેથી,
નથી બીજું એવું, જનની શરણું લો ગ્રહી આપ તેથી.

જગે જેને માથે નિજ જનનીના પ્રેમનું છત્રછાંય,
બધી વાતે એના જહીં તહીં બધે સર્વ પોબાર થાય;
કહી બોલો જ્યાં 'મા', મુખ મલકતું માનું ત્યાં કેવું થાય !
બધું પોતાનું મા પડતું મૂકી, લે બાળની તુર્ત ભાળ.

અહા ! શો લાગે જ્યાં ભય ભય નર્યો ઝંપલાવાનું થાતાં !
જતી જાણે લાગે હૃદયથી અરે ખૂટતી હામ શી ત્યાં !
છતાં તે વેળાએ મન હૃદયથી હામ બે હાથમાં લૈ
-મૂક્યું જો માનામાં પડતું, પછી તો ઑર આનંદ વ્યાપે.

વિના જોયા માને શિશુ હૃદય તો ક્યાંય ના ચેન પામે,
વિના પામ્યા માને શિશુ હૃદય તો ક્યાંય ના સુખ દેખે;
જવાનું મા પાસે ઢીંચણ ઘસડી જે કરે પ્રેમભાવે,
લઈ એને ચાંપી હૃદય સરસો માડી ભક્તિથી રંગે.

જતાં માના પંથે નિજ જીવનની ભાવનાનો વિકાસ
-થતો રે' છે કેવો શરણજન જે જાણશે એક માત્ર;
હશે માડી પાસે, પણ મન ઠર્યું જેનું ના હોય મામાં
-ન એને દેખા દે, મન શરણ તો રાખજે લીન તુંમાં.

ગુમાને પોતાના બળ પર રહી ચાલવાનું કરે જે,
કૃપાનો તેવાને અનુભવ હૃદે ના થશે કોઈ રીતે;
અહં મૂકી પૂરું શરણ તુજમાં જે રહે પ્રેમભાવે,
બતાવે છે લીલા તુજ રમતની એહને મુક્તરંગે.

સ્વભાવે રે' જેનું મન પકડમાં, રૂપ માનું સ્વતંત્ર
-શકે ના પામી તે, થઈ નવ શકે માનવી એવું મુક્ત;
મથે જે રંગાવા મન, મતિ, અહં, ચિત્ત ને પ્રાણ તુંથી
-કૃપાની ઝાંખીનો અનુભવ થશે, એ જ રંગાય માથી.

કરાવે છે મા તો અનુભવ ઘણા, બુદ્ધિ જો હોય કોરી
-ઠરે છે ના એને મન અનુભવો, તે ન રંગાય કોદી;
'કૃપા તારી માડી સતત વિલસે એવું સદ્ભાગ્ય રે'જો',
ઝિલાવાને એને કરગરી લળી યાચું એ રાંક હું તો.

બધાંનોય માડી મળ હરતી તું, કેવી સંતાપહારી !
કને આવે એને મન શીતળતા, શાંતિ તું આપનારી;
રમાડે છે એને મન ઉમળકે તું ઉછાળી ઉછાળી,
અહા ! એવું ભાગ્ય મુજ પતિતનું રાખજે નિત્ય માડી!

વિના તારા કોઈ મનન મનમાં ના થજો કોઈ વેળા,
રહો રંગાયેલાં મન, મતિ, અહં, ચિત્ત ને પ્રાણ તુંમાં;
કદી મૂર્ખાઈથી તુજ પકડથી હુંથી ભાગી જવાતાં
-મને પાસે લેજે મુજ પકડીને કાનપટ્ટી જ તું મા !

જતાં પાસે તારી, નજર મહીંથી સાવ અદૃશ્ય થાય,
છતાં પાસે પાછી નિજ સમીપમાં એમ વિશ્વાસ થાય;
ઊંડી ઊંડી ક્યાંયે જતી જતી દીસે, ત્હારું અસ્તિત્વ તોય !
-મહાનાદે ગાજી મન હૃદયમાં આપતું જોમ ઑર.

ભલે લાગે જુદાં જનની તુજ તે મૂળ ને મુખ બંને,
છતાં જોડાયેલાં ઉભય તુજ તે ચેતનાના પ્રવાહે;
વસે બંનેમાં તું, ઉભય સ્વરૂપે એકની એક મા તું,
છતાં તારું થાયે સકળ સ્થળમાં દૃશ્ય મા ! જુદું જુદું !

જતાં હારી જેઓ નિજ જનનીને સાદ પોકાર પાડે,
અહા ! તું તેઓમાં ધીરજ, બળ ને ચેતના પ્રાણ રેડે;
'મળે છે તારાથી બળ', અનુભવે એમ શ્રદ્ધાથી જેઓ,
ધરે ભાવે તારી પ્રથમ સહુમાં ધારણા ઊંડી તેઓ.

બનીને તારાં જે શરણ રહીને પંથ કાપ્યાં કરે છે,
ભલે ભૂલે તેવાં પણ કરી કૃપા પંથ લે પાછી એને;
ન ખોવાવા એને કદીય પણ દે મા ! કરુણાળુ એવી,
ભૂલેલાંની લે મા નીરખી નીરખી પ્રેમ સંભાળ ઝાઝી.

જતાં તારે પંથે જન નીરખિયાં પાંગળાં ને અશક્ત,
'ચઢાવે લૂલાંને ગિરિ તુજ કૃપા', ઉક્તિ તે ભાળી સત્ય;
જનો કોઈ એને કવિ-મન તણી કલ્પના ખાલી માને,
પરંતુ જેઓને અનુભવ થયો હોય તે સાચી જાણે.

થતાં પૂરો પંથ જહીં નીરખતાં, ત્યાં જતાં તે અધૂરો
-વધારે ઊંચો ને કઠણ અઘરો આવી ઊભો રહે શો !
-થયું જાણે પૂરું ચઢવું તહીં તો દૂરનું દૂર ધામ
-જતું જાયે કેવું ! મન તણી કરે મા ! કસોટી અપાર.

મહાપંથે તારે શિખર શિખરો એકથી એક ઊંચાં,
ચઢાઈ ભારે શી ! શ્રમિત બની જ્યાં માનવી શ્વાસ લેતાં;
ચઢાઈમાં કોઈ ભય જીવનને જોખમાવા તણો ના,
પરંતુ નીચાણે પતન બનવા સર્વ સંજોગ ત્યાં મા !

ચઢ્યાં જ્યાં હો પૂરું શિખર નવ, ત્યાં બીજું એનાથી ઊંચું
–ચઢે દૃષ્ટિ સામું, મનની સઘળી હામ ખુટાડતું શું !
હૃદે ત્યારે માને કરગરી લળી સ્હાય દેવા હું પ્રાર્થું,
કૃપા સ્હાયે માની સકળ શિખરો એમ માર્ગે વિતાવું.

ઘણી આંટીઘૂંટી પથ મહીં છતાં એકધારો બને તે,
વળાંકો આવે છે કંઈ અવનવા, તે છતાં એક રે' છે;
મળે માર્ગે ભક્ત મન જનનીને સેવતા હર્ષથી જે,
વધારી આનંદ, શ્રમિત મનને ઑર *ઉલ્લાસ પ્રેરે.

તપશ્ચર્યા વિના નવ જઈ શકે કોઈ તું પાસ માડી !
ભણાવે છે એવા જગતજનને પાઠ પ્રત્યક્ષ આંહીં;
રહે છે ચેતેલી મન હૃદયથી ભાવના જેની મામાં,
અહં તેવા કેરું ગળી જઈ બધું, તે બને ભક્ત તારા.

---
* ચૈતન્ય

‘ગુમાને પોતાના બળ થકી ચઢે’ એમ જે દિલ માને,
અહં તેવાઓનું અધિક વધતું, તે તને ના પિછાને;
ભીનું રાખે જેઓ મન હૃદયને જ્ઞાન-ભક્તિથી તુંમાં,
બતાવે છે એને તુજ સ્વરૂપની આપ પ્રત્યક્ષ લીલા.

હું તો માડી ! તારા શરણજનનો દાસનો દાસ માત્ર,
કશી મારા જેવા તણી ગણતરી માડી ! ના તારી પાસ;
ઝઝૂમું હું તારા બળ થકી જગે, શક્તિ તારી વિના હું,
-હલાવીયે રે ! ના શકું તણખલું, મા મને સર્વ કૈં તું !

પળ્યાં છો જ્યાં પંથે નિજ જનનીને પામવાને ઉમંગે
-કરો જે તે માનું મન હૃદ ધરી ધ્યાન, નિશ્ચિંત ભાવે;
કશી જ્યાં હૈયામાં સખડખ થતાં મા તણા ચિંત્વને રો’,
હૃદે શ્રદ્ધા મામાં ધરી ધરી ઊંડી માની ભક્તિ વધારો.

સ્વભાવે પોતાના મન જહીં કરે ચાલવાનું અજાણ્યે,
તહીં જે ચેતે તે મન રહી શકે જીવતાં જ્ઞાનભાવે;
‘ઊભી છે મા પાસે નિજ મદદમાં એમ વિશ્વાસ ધારી’,
પથે ઝુકાવે જે હૃદય શકશે માનું તાત્પર્ય ન્યાળી.

મહા પાપી કૈંક તુજ શરણમાં આવીને શાંતિ પામ્યા,
બની તારા ભક્તો જનનીમહિમા ગાઈ ગાઈ જ થાક્યા;
તને પામી કાંઈ પછી નવ રહે પામવાનું વધારે,
અહા ! એવી માડી મુજ પર કૃપા તારી વર્ષો સદાયે.

જણાતું હો ભાવે મન હૃદયથી માડી ! અસ્તિત્વ તારું,
છતાં પાછી તેથી અધિક અદકી છે વિશેષે ઊંડી તું;
રહે છે જે તારે શરણ, મનમાં સાવ નિશ્ચિંત રે', ને
રહે મા આધારે, કંઈ પણ થતાં માડીને સાદ દે તે.

'થતાં જુદી જુદી પરિસ્થિતિ જગે જીવને હેતુ એનો
-હશે શો' એવું જે મનન કરીને વર્તશે, જીવશે તો;
મળેલાં કર્તવ્યે મન હૃદયથી જ્ઞાનથી ભક્તિભાવ
-ધરે છે જે ઊંડો, હૃદ બની શકે મા તણો તે જ ભક્ત.

મળેલાં કર્તવ્યે નિજ જીવનનો ધર્મ જે સત્ય માને,
મળેલાં કર્તવ્યે નિજ તણું થતું શ્રેય સૌ માનતા જે;
'મળેલું કર્તવ્ય નિજ જીવનના ક્ષેત્ર વિકાસનું છે',
લહી એવું કર્મે, મન જનનીને જે ધરે, લ્હાણ પામે.

'કછોરું છોરું તો કદીક બનતું કિંતુ માતા કુમાતા
બની જાણી ક્યાંયે નથી, તુજ વિષે એ ભરોસો મને મા !
'તને શોભા આપી શકું જીવનથી, પ્રેમભક્તિથી હૈયે
રહેવા રંગાઈ' મુજ પર કૃપા એવી હોજો સદાયે.

જગે માના ખોળા સમ સુખ કશું ક્યાંય બીજું મળે ના,
રહેવા દેજે તું મુજ નસીબમાં એવું સદ્ભાગ્ય માતા !
રમંતાં ખોળામાં શિશુ મન વિષે જે ખુશાલી રહે છે,
ખુશાલી તે તોલે જગતભરનો તુચ્છ આનંદ લાગે.

મળી માતા બેઠે ઘર, પછી મને શા ઉધામા કશા રે' ?
સદા જોઈ મોઢું મુજ જનનીનું, પ્રેમ-આનંદ લાધે;
સુખી એવા મારા દિવસ સઘળા જાય જેની કૃપાથી
-લળી વંદું એવી મુજ જનનીને, શો થઈ હું કૃતાર્થી !

જગે માડી કેરા પદકમળના આશ્રયે જે રહેશે,
શકે દંડી એને જગતભરમાં કોઈ ના કોઈ રીતે;
મળે જે નિર્દ્વંદ્વ સુખ, અનુભવી હોય તે એક જાણે,
બીજાંને સ્વપ્નેયે જનની-સુખનો ખ્યાલ કેમે ન આવે.

બીજા લોકો એને નવ સમજતા, કલ્પના માત્ર ધારે,
જગે લોકો એને 'ઊંઘ મહીં મળ્યું સુખ' એવું પ્રમાણે;
પરંતુ જે રીતે સુખ મળી શકે તે રીતે વર્તી જોઈ,
પછી હૈયે એવું સુખ ન મળતાં, બોલવા સર્વ છુટ્ટી.

ભલે માને કે ના, જગ જન મને ના પડી કાંઈ એની,
કરે કિંતુ માની શી અવગણના ! તે ન સે'વાય હુંથી;
પડી પાયે તેથી જગતજનને પ્રાર્થના રાંકની કે,
'ઊંડી તીવ્રાકાંક્ષા જગવી હૃદયે, વર્તી નિર્દ્વંદ્વ, જોજે.

મળે જે એની સૌ શરત, રીતને પાળવાનો ઉમંગ
-કરી જોઈ પૂરું પછીથી વદજો વિશ્વના સર્વ લોક !
તમન્ના માતાને હૃદ નીરખવા આગ જેવી જગાડી,
કરી જોયા કેડે નિજથી બનતું સર્વ, જોજો પછીથી.

વહે છે માડીની જગ સકળમાં ચેતનાશક્તિ સૂક્ષ્મ,
ભૂમિકા હો શુદ્ધ મન હૃદયની તે શકે જાણી તત્ત્વ;
થવાની જે શુદ્ધ રીત, જીવનમાં ભાવથી તે ઉતારો,
પછી માની લીલા-રમત સઘળી આવશે ખ્યાલમાં તો.

મળ્યાનો આનંદ, સ્વજનથી થયાં જે વિખૂટાં, પિછાને,
મળ્યાની તો મોજ અકથ રીતથી ઝૂરતું હૈયું માલે;
મળ્યાનો આનંદ કથી કથી શક્યો ના કથાયે કશાએ,
મળ્યાનો આનંદ મન હૃદયથી જે મળે તે જ માણે.

'મળ્યા વિના જેને કંઈ પણ વિષે ચેન કે જંપ ના'વે,
'મળ્યા વિના જેને મન હૃદયથી ક્યાંય આરામ ના'વે;
'મળ્યા વિના જેને સુખ નવ વળે', ઝંખના એવી જેને
-ખરે માને હૈયે મળી જ શકશે એકલા માત્ર તે તે.

રહેલી મા ગૂઢ સકળ સ્થળમાં સૂક્ષ્મ કેવી અગમ્ય !
ન આવે કોઈની પકડ મહીં મા, એવી પૂરી સ્વતંત્ર !
હશે જેના જેઓ મન હૃદયથી ભક્ત પૂરા થયેલા
-પિછાની તેઓને હૃદય શકશે એકલા સાચું તેવા.

કશું માગી માગી વધુ તુજ કને માગતો હું નથી, મા !
ન જો મા ! હું માગું લળી તુજ કને, માગવા જાઉં હું ક્યાં ?
મને જેમાં તેમાં મુજ જનની ! તું કામધેનુ રૂપે છે,
બધી આશા ઈચ્છા તુજ વગર મા ! કોણ પૂરી શકે તે ?

મને તો પ્રત્યક્ષ મુજ જનની તું સર્વ વાતે સમર્થ,
ભલે દે કે ના દે મુજ દિલ તણું માગ્યું, નિશ્ચિંત તોય;
હશે જેમાં મારું હિત જરૂર તે આપ મેળે જ દેશે,
ભરોસાથી સૂતો તુજ પર, હું તો સ્હોડ તાણી જ હૈયે.

હું તો અજ્ઞાની છું, મતિ વગરનો મારું કલ્યાણ શેમાં
-ન જાણું તે પૂરું, પણ ત્યમ છતાં હું કરું નિત્ય માગ્યાં;
હૃદે માગ્યાનો મા ! લળી તુજ કને ઑર આનંદ આવે,
શિશુ માને કેવું પજવી પજવી મોજ ને વ્હાલ માણે !

હૃદે માડી કેરા અમૂલખ ખરા પ્રેમનો સ્વાદ મીઠો,
ચઢી માની છાતી ઉપર રમતાં બાળની મસ્તી પેખો;
કશી વાતે એને જનની ન કરે રોક કે ટોક કાંઈ,
અને માને લાગે સુખ શિશુ તણા ઊલટું ખેલવાથી.

સહી લે છે મા સૌ નિજ શિશુ તણું કૈં થતાં આડુંતેડું,
અને શિક્ષા દેવી ઘટતી જહીં હો, પ્રેમથી આપતી સૌ;
જગે મારી માના સમ અવર ના કોઈ નિષ્ઠુર પૂરું,
વળી સાથે માના સમ અવર ના કોઈ પ્રેમાળ એવું.

જગે જે કૈં લો છો અમથું અમથું મેળવી ના શકો તે,
પરંતુ મા કાજે મરણથી વધુ આપતાં સર્વ ખૂટે;
રહે જેને હૈયે ધીરજ અતીશે આપવામાં બધુંયે,
મળે એને માડી મન ઉમળકે, વારી વારી જઈને.

ન રંગાયે બુદ્ધિ જહીં સુધી ખરા ભક્તિના રંગથી તે,
ન માને આવે તે મદદ ખપમાં પૂરી પિછાનવાને;
કર્યે કોરી બુદ્ધિ થકી જનનીની ખાલી વાતો, ન પામે,
રહ્યો ખાંડાધારે પથ, મરજીવા શૂર જે ભક્ત પામે.

જગે ચાલી આવી શરણજનની એકધારી કતાર,
શરૂ આદિ કેરો કદી નવ તૂટ્યો, યજ્ઞ એવો અખંડ;
યુગો યુગો વીત્યા પણ નવ ખૂટે આહુતિ દેવી માને,
અને ચાલી આવી જીવતી જગમાં ભાવના એવી રીતે.

થયા માડી કાજે શરણજન કૈં સર્વ વાતે ખુવાર,
છતાંયે ના શબ્દ મુખ થકી કદી કાઢિયો છે લગાર;
અને હોમાવામાં નિજ જીવનથી ઉર આનંદ માણ્યો,
મળ્યા એવા માને, વળી જગતમાં જીવતો યજ્ઞ રાખ્યો.

રહેલો સદ્ભાવ જનહૃદય, તે ભક્ત એવા પ્રતાપે,
જગે જો ના હોય શરણજન તો ભાવના મૃત્યુ પામે;
અહા ! એવા ભક્તો તણું જગ પરે કેટલું ઋણ ભારે !
નથી એનું ઊંડું જગતજનમાં ભાન કે સાન કૈંયે.

થયા વિના ભક્ત કંઈ પણ કશાના, ન એને પિછાનો,
થવું એવા ભક્ત સહજ નવ છે, હો તમન્ના બને તો;
તમન્ના માડીને હૃદય મળવા જેની ઉત્કંઠ જાગે,
મળ્યા વિના એવો નવ રહી શકે મૃત્યુ આવે ભલેને.

મડાગાંઠો જે જે સમજી હરખે કાપવાનું કરે છે,
ગુમાવામાં એવું મન સમજતો શ્રેય પોતાનું સૌ તે;
ચહે જે તે કાજે જન દઈ શકે મૂલ્ય માગ્યું બધુંયે,
વિના ચાહ્યા કોને જનની ન મળે, મૂલ્ય આપ્યા વિના તે.

તમારી રીતેથી, તમ સમજણે જો પડી ખાલી રે'શો,
હૃદે માને પામી કદી નહિ શકો નિશ્ચયે જાણી લેજો;
થશો જ્યાં નિર્દ્વંદ્વ મન હૃદયથી શુદ્ધ હોમાઈ યજ્ઞે,
મળી માને ત્યારે કંઈ કળી શકી, ખેલશો સર્વભાવે.

તને જોઈ જોઈ મનડું હળવો ભાર એનો કરે છે,
તને જોઈ જોઈ મનડું શમતું, રીઝતું સૌ પ્રકારે;
તને જોઈ જોઈ મનડું બનતું મુક્ત સૌ વાતથી તે,
તને જોઈ જોઈ દિલ ઉમળકો જાગતો ઑર ભાવે.

કૃપા-લીલા તારી અકળ વદતા છો ભલે સર્વ લોક,
પ્રવેશ્યા ના જેઓ જનની હૃદમાં, તે વદે એમ ફોક;
દિલાસો ખાલી તે નિજ મન થકી મેળવી શાંતિ લે છે,
મર્યા વિના સ્વર્ગે નવ જઈ શકે, કોઈ કોના બતાવ્યે.

કંઈ સંતો ભક્તો સ્તવી સ્તવી ગયા તારી ગાથા અનેરી,
હું તો તેઓ કેરા પદકમળની ધૂળનીયે ન ધૂળ;
છતાં જેવો તેવો હૃદ ઉમળકે આ લવારો કર્યો છે,
હશે જે સદ્ભાવી મુજ જનનીની ભક્તિનું તત્ત્વ લ્હેશે.

કઈ રીતે મોઢે મુજ જનનીનાં હું વખાણો કરું શાં ?
બધાંનેયે લાગે નિજ જનની શી વ્હાલી વ્હાલી હૃદેમાં !
મને મારી માના કરકમળનો સ્પર્શ જાદુ ભર્યો શો,
-થતો રે'જો જ્યાં ત્યાં લળી કરગરી પ્રાર્થતો રાંક હું તો.

રખે મારા સામું કદી નીરખતાં, અંત મારો ન આવે,
બધું જોવા જાતાં મુજ પતિતનો કેમ ઉદ્ધાર થાયે ?
હ્રદે ખાલી માત્ર તુજ સ્મરણને જાળવી રાખવાનું
-હું તો જાણું બાકી કશુંય મુજને આવડે છે ન બીજું.

તને સંભારીને ડગ ડગ ભરી ચાલવા ખંત ધારું,
તને સંભારીને મન હ્રદયથી અર્ચનાઓ કરું હું;
'તને જાણી દિવ્ય મુજ જીવનનું પ્રેમ-સંભારણું તે',
હ્રદે લેવામાં તે પતિત મુજને ભાગ્યશાળી પ્રમાણું.

અમીદૃષ્ટિ તારી મુજ પર હજો, માત રે'જો પ્રસન્ન,
હું તો નાનું છોરું કંઈ ન સમજું, સાવ પૂરો ગમાર;
પડ્યો તારે પાલે કરવું જ્યમ હો, જે તને જેમ ફાવે
-બધું તેવું મારું ઘટતું કરજે, પ્રાર્થના પાદમાં તે.

તને મા ! જોવાતાં નીરખવું હતું તે બધું જોવું લાધ્યું,
તને મા ! જોવાતાં સઘળું મળવું જે મળી સર્વ ચૂક્યું;
તને મા ! જોવાતાં મુજ નસીબનું પાનું પૂરું જ ખૂલ્યું,
તને મા ! જોવાતાં મુજ ગરીબનું સર્વ સૌભાગ્ય ઊગ્યું.

‘તને મા જીવાડી હૃદયપટમાં ચેતનાયુક્ત હોવા’,
હતો એવો મારો કંઈ જીવનનો સ્વપ્ન-આદર્શ ઊંડો;
મથાવ્યાં જેણે સૌ કીધું જ મુજને, ઊંઘવાયે ન દીધો,
કૃપા માડી તારી મુજ પર હતી, ઊજળા દી થયા તો.

‘કૃપામાં તારી હું સતત વિલસું’ એ જ સદ્‌ભાગ્ય માનું,
બીજાને મારે શું કંઈ કરવું છે, સર્વ મારે નકામું;
કૃપા હોતાં તારી સઘળું જગનું રાજ્ય ત્રૈલોક્યનુંયે
-મળ્યું જાણું હું તો, અવર પરવા ના મને કાંઈ ક્યાંયે.

વિખૂટો માડીથી યુગયુગ થયાં શો પડી હું ગયેલો !
રહી છુપાયેલી હતી, મુજ કને માડી કિંતુ ન જોયું;
તને જોવા કાજે તલપ હૃદયે તેં મને મા ! જગાડી,
કૃપા એવી તારી ક્યમ કરી કદી ભૂલી ભુલાય હુંથી.

હતું કેવું મારું ગત જીવન જે, તે બન્યું આજ કેવું !
શકે જાણી એને ક્યમ કરી બીજાં, જાણતી એક મા ! તું;
મને દુર્ભાગીને જનની મળતાં સર્વ સદ્‌ભાગ્ય લાધ્યું,
હવે મારે કોનો જગ ખપ નથી, માડીથી સર્વ પામું.

ત્રિલોકે મા ! તારી જય જય થજો, તારી સત્તા પ્રવર્તો,
કૃપા સત્તાધીશ મુજ પર હજો તારી સૌ વાતમાં તો;
'બધું તારું ચાલ્યું મુજ પર થજો, શૂન્ય રે'વાઈ પૂરું
-ભરાવ્યાં તારાં તે ડગ મુજ થકી સૌ ભરાજો' હું યાચું.

ન ખાવાનું છૂપી રીતથી મુજને ખાઈ લેતાં ખૂબીથી,
મને મા ! તે વેળા ઝટ તું પકડી પાડીને સાન દેતી;
કરાવ્યું છે તેં મા ! મુજ હૃદયમાં ભાન કૈં વેળ એવું,
સદા એવી માડી યુગયુગ જીવી, તારજે સર્વને તું.

બધાં કૈં કૈં ભેળાં નિજનું સઘળું આપી તુંમાં શમાતાં,
છતાં તું તો કેવી નિજ સ્વરૂપથી જેવી ને તેવી રે' મા!
કશાથીયે રંગ તુજ અસલનો ના કદી ફેરવાયે,
સદા એવી માડી ! અસલ મુજને રાખજે મૂળ રંગે.

# સ્મરણ ભાવના

હરિગીત

પ્રિય નામને ઉરમાં સ્મર્યાં કરશું અમે બહુ પ્રેમથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યાં કરશું અમે બહુ રીતથી;
પ્રિય નામને ઉરમાં સ્મર્યાં કરશું અમે બહુ ખંતથી,
તુજ નામનો પ્રભુ તંત જરી ના છોડશું હરગિજ કદી.

જીવન તણા અતિશય કઠણ દારુણ ઝંઝાવાતમાં,
કે સહુ દિશે સૂઝે નહિ એવા જીવન અંધારમાં;
જીવન તણી ચઢતી અને પડતી મહીં પળપળ સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મન-હૃદયમાં.

સંસારનાં કર્તવ્યમાં, વ્યવહારીઓની સાથમાં,
સહુ કામમાં, ખાતાં, પીતાં, ઊઠતાં અને વળી બોલતાં;
જે જે કંઈ કરતાં, બધાંની સાથ વર્તતાં સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મન-હૃદયમાં.

મુશ્કેલીમાં નડતી અમોને ને ઉપાધિમાં જગે,
ઝઘડા અને કંકાસમાં, દિલમાં થતાં સહુ દર્દમાં;
દિલની અમૂંઝણમાં અને આવી પડેલી ગૂંચમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મન-હૃદયમાં.

મનના વિચારોમાં અને મનની બધીયે વૃત્તિમાં,
મન વાસનામાં, પાપમાં, ચિતના બધા સંસ્કારમાં;
મનની રમત ને ગમતમાં મનના રમણ ને વલણમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મન-હૃદયમાં.

અમ શરીરથી બનતી ક્રિયામાં, ઇંદ્રિયોના વિષયમાં,
અમ શરીર કેરા રોમરોમે, હૃદય કેરા લોહીમાં;
રગ રગ મહીં, નખશિખ મહીં, ને શરીરના નવ દ્વારમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મન-હૃદયમાં.

ખટ રસ તણા સહુ સ્વાદમાં, મીઠી મીઠી બધી વાસમાં,
ઉર ચેતનામાં, બુદ્ધિમાં, ચિત પ્રેરણા મહીં, પ્રાણમાં;
અમ લાગણીમાં, ભાવનામાં, પ્રેમમાં, રસમાં બધા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મન-હૃદયમાં.

આધાર સૌ નિજનો સદા માની ઉપર જે ધારતું,
માને અતિશય વ્હાલથી જ્યમ બાલુડું પોકારતું;
વિખૂટું પડેલું માડીથી હરપળ કરે શું આરડ્યાં !
તેવી રીતે તુજ નામ પ્રભુ !, તારું સ્મરાજો તાનમાં.

જીવન તણા સહુ ભંગમાં, જીવન તણા સહુ રંગમાં,
જીવન તણા એ અટપટા આડા ઊભા સહુ તારમાં;
મારી ગમે તેવી ભલે હો સર્વ જીવન-ભાતમાં,
રસીલું વણાયાં ત્યાં કરો પ્રિય નામ તારું ભાવમાં.

સંબંધીઓ ને સ્વજનની સહુ વાતમાં ને ચીતમાં,
સંસારના વ્યવહારમાં ને જે થતાં સહુ કાર્યમાં;
પત્ની અને પરિવારમાં છોને પરોવાયેલ હો,
તે તે દશામાંહે પ્રભો ! તુજ નામ પ્રિય હૈયે વસો.

પ્રિય નામ-સૂર્ય ઊગ્યા થકી ફીટે જીવન-અંધાર સૌ,
એવું કૃપાથી જીવનમાં અમને ફૂલવજો, ફળવજો;
ચાનક અમોને લાગજો તુજ દિવ્ય જે પ્રિય નામની,
પ્રગટી રહો અમ જીવન તે છાયા રૂપે તુજ પ્રેમની.

સારાય જીવન-પટ તણા તાણા અને વાણા વિષે,
ભીંજાયેલા હો રગરગે તુજ પ્રેમથી રંગાયેલા;
તુજ નામના પ્રિય સ્મરણના ઠોકે સદા ઠોકાયેલા,
એવું પ્રભુ-પદ હો સમર્પિત આ જીવન, હો તુજ કૃપા.

તુજ નામનો મહિમા ઋષિઓ કૈંક ભક્ત કવિ કથે,
હું તો બિચારું રાંકડું તે શું કથી કથીને કથે ?
જ્યમ સૂર્ય આગળ આગિયો, દરિયા કને ખાબોચિયું,
હીરા કને જ્યમ કાચ એવો સાવ હું નાદાન છું.

# ‘શ્રી ગંગાચરણે’ના ઉદ્‌ભવ અંગે

મારાં બા મારી સાથે રહેતાં હતાં. એમની ઈચ્છા હિમાલયની યાત્રા કરવાની હતી, પણ એ જાણે કે નંદુને આમાં કશો રસ નથી. એથી, એ પોતાની ઈચ્છા પણ વ્યક્ત કરે નહિ. મને પ્રાકૃતિક સૌંદર્ય વિશે કશો જ ખ્યાલ નહિ, પણ એક વખત વાતવાતમાં એમણે મોટાને કહ્યું, ‘મોટા, હિમાલયની યાત્રા થાય તો બહુ સારું !’ મોટાએ આ વાત પકડી લીધી.

એક દિવસ મોટાએ કહ્યું, ‘આપણે હિમાલયની યાત્રાએ જવું છે.’ મોટાએ કહ્યું એટલે મારે આનાકાની કરવાનો કોઈ પ્રશ્ન જ ન હતો. મેં તો એ કહે ત્યારે જવાની તૈયારી દર્શાવી. ત્યારે મોટાએ કહ્યું, ‘આપણી સાથે બાને પણ લેવાની છે.’ મેં કહ્યું, ‘ભલે’.

આમ, નક્કી કરીને મોટા સાથે હું, કાંતા, સિદ્ધાર્થ અને બા એમ પાંચ જણાં હિમાલયની યાત્રાએ જવા નીકળ્યાં.તે વખતે બાની ઉંમર સાઠ વર્ષની હતી અને સિદ્ધાર્થ ચાર વર્ષનો હતો.

બાવન દિવસમાં અમારી હિમાલયની યાત્રા પૂરી કરી અમે હરિદ્વાર આવ્યાં. મોટા મને કહે, ‘એવી ધર્મશાળા શોધો કે જેનાં પગથિયાં પાસેથી ગંગાજી વહેતાં હોય’.

એટલે અમે એવી જગ્યા શોધીને ધર્મશાળામાં ગયાં. મોટા, ગંગા કિનારાના પગથિયા ઉપર બેઠા અને પગને ગંગાના પ્રવાહમાં રાખ્યા. મને કહે, ‘મારે અહીં ગંગાજીની સ્તુતિ કરવી છે !’ એટલે મેં કાગળ પેનનો પ્રબંધ કર્યો. મોટાએ આ સ્થળે એક જ બેઠકે એકીકલમે સડસડાટ **‘શ્રી ગંગાચરણે’** લખ્યું. શિખરિણી–મંદાક્રાંતાના મિશ્ર છંદનો ગુજરાતીમાં પ્રયોગ કરનાર **‘મોટા’** એકલા જ છે.

એમણે તો સ્તુતિ - પ્રાર્થના કરી લીધી. મેં કહ્યું, ‘આને હું છપાવીશ.’

**- શ્રી નંદુભાઈ શાહ.**

‘શ્રીમોટા સાથે હિમાલય યાત્રા’, પ્ર. આ., પૃ. ૨ થી ૧૭ (સંકલન)

॥ હરિઃૐ ॥

## આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો....ૐ શરણ.
મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો....ૐ શરણ.
સર્વ મળેલાં સાથે, દિલ સદ્ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો....ૐ શરણ.
નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા....ૐ શરણ.
મનના સકળ વિચારો, પ્રાણ તણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિ તણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો....ૐ શરણ.
જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા....ૐ શરણ.
દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો....ૐ શરણ.
જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો....ૐ શરણ.
મન, મતિ, પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો....ૐ શરણ.

**- શ્રીમોટા**